Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-4, March-2025

# "હરીશ નાગ્રેચાની વાર્તાઓમાં પ્રગટતું સમાજ દર્શન – એક અભ્યાસ"

**ડૉ. ધર્મેશકુમાર વી. વણકર**

મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડિયાપાડા, જિ. નર્મદા,

સાહિત્ય એ એવી વિદ્યા છે; જેને માણસ સાથે, તેની સંવેદના અને વિચાર સાથે, તેની વ્યક્તિમત્તા અને રસ-રુચિ સાથે ગાઢ સંબંધ છે. એટલે સહજ પણે તેનો અનુબંધ તમામ વિદ્યાશાખાઓ સાથે સધાય છે. આજે શિક્ષણમાં મલ્ટીડિસીપ્લિનરી અભ્યાસ અંતર્ગત જુદી જુદી વિદ્યાશાખાઓને એક તંતુએ જોડાવાના પ્રયત્ન થઈ રહ્યા છે; ત્યારે અવશ્ય એમ કહેવાનું મન થાય છે કે- સાહિત્ય જેવી વિદ્યાશાખામાં તો આંતર વિદ્યાશાખાકીય અભ્યાસ અવારનવાર થતાં રહ્યા છે. સાહિત્યને સમાજશાસ્ત્રની ભૂમિકાએ મુલવવાની શરૂઆત ઈ.સ. ૧૮૦૦ના વર્ષમાં ફ્રાંસના લેખિકા માદામ સ્ટેલ દ્વારા થઈ હોવાનું જોવા મળે છે. તેમણે સાહિત્યના સમાજશાસ્ત્રીય અભિગમ વિશે ચર્ચા કરી સાહિત્ય એન સમાજના સંબંધની ભૂમિકા બાંધી આપી હતી. ત્યારથી માંડીને આજે તો સાહિત્ય અને સમાજને સાથે રાખીને અનેક અભ્યાસ થયા છે.

સાહિત્યકાર સામાન્ય માણસ કરતાં વિશિષ્ટ પ્રતિભા ધરાવે છે. આથી તેની પાસે આસપાસના જગતને જોવાની, સમજવાની અને અનુભવવાની દષ્ટિ જુદી હોય છે. સર્જકને થતી અનુભૂતિ સમાજની જ દેન છે. તેમ સર્જકના આચાર-વિચાર અને વ્યક્તિત્વને ઘડવામાં પણ સમાજની મુખ્ય ભૂમિકા રહેલી છે. સાહિત્યનું માધ્યમ ભાષા : તે પણ સમાજની સંપત્તિ છે. અર્થાત સમાજમાંથી પ્રાપ્ત થયેલું સંવેદન સાહિત્યના માધ્યમથી સમાજને અર્પણ થાય છે. ત્યારે – સમાજ > સાહિત્યકાર > સાહિત્ય અને સમાજનો ત્રીભેટો સર્જાય છે. પરંતુ સમાજમાંથી સાહિત્યકાર સુધી પહોંચેલી સામગ્રી સાહિત્ય રૂપે પ્રકટે તે પૂર્વે સર્જકના ચિત્તમાં ચાલતી પ્રક્રિયાના પરિણામે એમાં સર્જકના પક્ષે ઘણી બાબતો ઉમેરાય છે. સમાજ અને સાહિત્યના અભ્યાસ દરમ્યાન સર્જકની કલમે નિષ્પન્ન થતો સમાજ ઉપરાંત સર્જકનું સમાજ દર્શન પણ અભ્યાસનો વિષય બને છે.

ગુજરાતી સાહિત્યમાં ૧૯૮૦ પછીનો સમયગાળો આધુનિકોત્તરયુગ તરીકે ઓળખાયો છે. આધુનિકયુગની વ્યક્તિ કેન્દ્રિતાની સામે આધુનિકોત્તરયુગે સમાજ-લોક અને જનસમુદાય તરફ કેન્દ્રિત થવાનું વલણ રાખ્યું; જેના પરિણામે સામાજિક સંપૃક્તાનું સાહિત્ય આપણને પ્રાપ્ત થાય છે. જેમાં દલિતવાદ અને નારીવાદ જેવી બે વિચારધારા અંતર્ગત આપણને મબલક સાહિત્ય સાંપડે છે. ૧૯૮૦ પછીની ટૂંકી વાર્તા સાહિત્ય સ્વરૂપમાં હરીશ નાગ્રેચાનું નામ મોખરે છે. આ સમયગાળાના નારીવાદી વાર્તાકારોમાં તેઓ મહત્ત્વના વાર્તાકાર સિદ્ધ થયા છે. તેમનો જન્મ કરાંચી (હાલ પાકિસ્તાન) પણ વતન જૂનાગઢનું જોડિયા ગામ. ભાગલા પછી મુંબઈ આવીને વસ્યા. જુદા જુદા વ્યવસાયો થકી જીવન અને સમાજના અનુભવો લેનારા આ સર્જકે ટૂંકી વાર્તા અને નાટક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. 'તું બોલને...'(૧૯૯૦), 'અને... છતાં પણ...'(૧૯૯૮), 'હેલો, સૂર્યા!' (૨૦૦૨), 'એક ક્ષણનો ઉન્માદ' (૨૦૦૭) જેવા વાર્તાસંગ્રહો અને બીજી કેટલીક અગ્રંથસ્થ વાર્તાઓ મળીને કુલ ૬૭ જેટલી વાર્તાઓ તેમની પાસેથી મળે છે. ઉપરાંત રંગભૂમિ માટેના નાટકો, દૂરદર્શન માટે ટેલીપ્લે, હિન્દી અને ગુજરાતીમાં ટીવી સિરિયલના એપિસોડ પણ લખ્યા છે. 'એક લાલની રાણી', 'આકાશકુસુમ', 'મોહપાશ', 'દસ્તો, પિંજર, ખાલ, કબૂતર', 'ખોડિયો સુરજ' વગેરે તેમના જાણીતા નાટકો છે.

હરીશ નાગ્રેચાએ પોતાનો આયુકાળ મુંબઈ શહેરમાં વિતાવ્યો હોવાને કારણે તેમની વાર્તાઓમાં નિરુપિત સમાજ અને પરિવેશ મહદઅંશે નગરજીવનનો છે. તેમની વાર્તાઓમાં નારીવાદી વિચાર, શહેરના માણસની સંવેદના, માનવીય સંબંધો, નગરજીવનના પ્રશ્નો અને બદલાતા માનવમૂલ્યો સામે સંઘર્ષ કરતા માણસનું આલેખન અને આ બધામાંથી ફલિત થતો સર્જકનો સામાજિક અભિગમ નજરે ચઢે છે. અહીં 'હરીશ નાગ્રેચાની વાર્તાઓમાં પ્રગટતું સમાજ દર્શન' એ વિષયને કેન્દ્રમાં રાખીને તેમની વાર્તાઓમાંથી નિષ્પન્ન થતું સામાજ દર્શનનો અભ્યાસ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. આથી વાર્તાઓમાં સામાજિક પ્રશ્નો રૂપે સમાજ પ્રત્યક્ષ કેવી રીતે થાય છે અને વ્યક્તિગત પ્રશ્નો પાછળ સામાજિક ભૂમિકા કેવી રીતે આલેખન પામે છે તેને અહીં તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

હરીશ નાગ્રેચા પાસેથી મળતી વાર્તાઓમાં નારી કેન્દ્રી કે નારીવાદી વિચારધારાની વાર્તાઓ વધુ મળે છે. એ રીતે સર્જક આપણા સમાજને આયનો બતાવવાનું કામ કરે છે. નારીવાદના નિમિત્તે સર્જકનું સામાજ દર્શન પ્રાપ્ત થાય છે. 'કુલડી' સર્જકની ખુબજ વખણાયેલી અને બોલકી વાર્તા છે. જેમાં સર્જક આપણા સમાજની ખુબ જ સેન્સેટીવ બાબત ચર્ચે છે અને આપણા સમાજની કુંઠિત અને અમાનવીય માનસિકતાનું દર્શન કરાવે છે. વાર્તા નાયિકા પિયાસીના કેન્દ્રસ્થાનેથી વાર્તા કહેવાઈ છે. કુલડીના પ્રતીકથી એક સ્ત્રીને માણસ તરીકે ન જોતા વસ્તુમાં ખપાવી દેતા આપણા સમાજનું દર્શન કરાવે છે. વાર્તા નાયિકા સમગ્ર સમાજ ને પ્રશ્ન પૂછે છે કે- "સ્ત્રી શું કુલડી છે?' જે એક વાર ઉપયોગમાં લેવાયા બાદ તેની અખંડિતતા રહેતી નથી." એક સ્ત્રીને વ્યક્તિ તરીકે ન જોતા માત્ર સેક્સ, જાતીયતા કે લિંગને આધારે જ સમાજ જુએ.. એ કેટલું અમાનવીય! વધુમાં પ્રશ્ન ત્યારે થાય કે જ્યાં પુરુષ તો ઠીક સ્ત્રી પણ પોતાને હીણપતથી જોતી હોય.

પિયાસી પરિવારની સ્ત્રીઓને પ્રશ્ન પૂછે છે – "તમારા પર બળાત્કાર થાય તો તમારા પતિ તમારી જોડે કેવું વર્તે?" જેનો જવાબ કોઈપણ આપતું નથી. પણ તેમનું અંતર્મન જાણે છે કે શું થાય? કામવાળી જમના કહે છે તેમ – "ખાંજરે નાખે મૂઓ, કાન તૂટેલા કપની જેમ, પછી શું સવાદ પડે એને?..." આ સંવેદના દરેક સ્ત્રી માટે સમાન છે. માતા ઈન્દુને પુછેલા પ્રશ્ન અને અહલ્યાના ઉદાહરણ દ્વારા વિના વાંકે સ્ત્રીએ જ કાયમ સહન કરવું પડ્યું છે. સમાજના આ વલણ તરફ સર્જક માર્મિક આંગળી ચીંધે છે.

સ્ત્રી અને પુરુષ બંને દામ્પત્યજીવનમાં સ્તંભો છે. બંનેનું એક સરખું મહત્ત્વ છે. આધુનિક સમયમાં અસ્તિત્ત્વમાં આવેલા નગરોમાં પોતાનું ઘર નિર્માણ કરવા માટે પતિ-પત્ની બન્નેએ જહેમત ઉઠાવવી પડે છે. 'કૂબો' વાર્તાની નાયિકા કુંજની પણ પરિસ્થિતિ કંઈક આવી છે. જે ઘરને પોતાનું માનીને સીંચ્યું છે, જેને ઊભું કરવામાં જિંદગી ખર્ચી નાખી છે, તે ઘર ક્યારેય પોતાનું નથી થવાનું ની લાચારી કુંજને ફેર વિચાર કરવા પ્રેરે છે.

એક રાતે કુંજની મિત્ર નિયતિ પરિસ્થિતિ વશ આવી ચડે છે. તેને ઘરમાં આશ્રય આપવા માટે હા પાડતી કુંજને પતિ વિરમ પ્રશ્ન કરે છે કે- "ખરી છે તું, નિને ઘરે બોલાવે છે ને હું સામે ઊભો છું, તોય તું તો પૂછતીય નથી મને, કેમ ?" વિરામનો આ પ્રશ્ન કુંજના અસ્તિત્વને હચમચાવી દે છે. તેની પોતાના ઘરમાં રહેલી પરવશતાને છતી કરી દે છે. વિરમને પોતાના મિત્રોને આવકારવા કે રાખવા માટે કુંજની મંજૂરી લેવાની જરૂર નથી પડતી. પણ કુંજને મંજૂરી લેવી પડે. કુંજની આ ઘર પોતાનું છે એવી ભ્રમણા તૂટે છે. તે દીકરીને પોતાનું તેનું પોતાનું ઘર આપશે તેવા આશ્વાશનમાં વાર્તા વિરમે છે. વાર્તા સર્જકનો પોતાનો અવાજ અને ઉપદેશ બોલકો બની ગયો છે. કુંજના વિચારોમાં ચાલતી મથામણમાં સર્જક પોતાનું સમાજચિંતન પ્રગટ કરે છે.

એજ પ્રમાણે સ્ત્રી જાણે પુરુષના હાથનું રમકડું હોય, પોતાની ઈચ્છા, આકાંક્ષા અને જરૂરીયાત ટીંગાડવાની 'ખીંટી' હોય એ લાગણી 'ખીંટી' વાર્તાની હેતલ અનુભવે છે. માતા પુષ્પાના મૃત્યુ બાદ ઘર અને પરિવારની જવાબદારી નિભાવવામાં જાત ખર્ચી

નાખતી નાયિકા હેતલ; પિતા માટે પોતાની જરૂરિયાત પૂરી કરવાનું સાધન માત્ર છે. માતા ઉપર અત્યાચાર કરનાર પિતા જયંતીને હેતલ પિતા તરીકે નહિ પણ પુરુષ તરીકે જુએ છે. અને એટલે તે નામથી જ સંબોધે છે. પોતાને અવગણતી અને પ્રતીકારતી દીકરી જયંતીને આકરી લાગે છે. નોકરી કરી પગાર લાવતી હેતલ ઘર ચલાવવામાં મદદ કરે તે પુરતી સારી લાગે છે. પોતાના પિતાના સ્વભાવથી પરિચિત મોટા ભાઈઓ પણ ઘર છોડીને પોતાને રસ્તે લાગી ગયા છે. હેતલને પોતાને પણ આ બધી ઝંઝટમાંથી મુક્ત થઈને પોતાની મરજીનું જીવવું છે. પંકજને પ્રેમ કરે છે. તેની સાથે સુખી જીવનના સ્વપ્નો તેની આંખોમાં તાજા છે. પંકજનો નિર્વ્યાજ પ્રેમની કામના રાખતી હેતલને જ્યારે પંકજ કહે છે કે – "બા સખત બીમાર છે હેતલ, ઘરમાં કોઈ પોતીકું નથી એમની સંભાળ લેવા. લગ્ન પછી નોકરી કરવાની તારે જરૂર નથી. હવે તું રાજીનામું આપી દે." ત્યારે તેને મન પંકજ અને પિતા જયંતી બંને સરખા થઈ પડે છે. એને પોતાને જે હૂંફ કે પ્રેમ જોઈએ છે. તે નથી મળતો પિતા પાસે અને નથી મળતો પ્રેમી પાસે. ઘર પરિવારમાં નોકરી કરતી દીકરીના વિષયને કેન્દ્રમાં રાખીને ધીરુ બહેન પટેલ પાસેથી પણ 'દીકરીનું ધન' વાર્તા મળે છે. જેમાં પણ ઘર પરિવારના લોકો જે પોતાના લોકો છે. તે પણ સ્ત્રીનું પ્રેમથી કેવી શોષણ કરે છે, તેનું ચિત્ર પ્રગટ થાય છે. આધુનિક સ્ત્રી નોકરી કરી કમાતી થઈ, એટલે સમાજમાં ઘરમાં પરિસ્થિતિ બદલાઈ પણ તેનાથી કઈ નારીના શોષણમાં કોઈ સુધાર આવ્યો નહીં.

'એ...', 'એન અફેઅર', 'પદભ્રષ્ટ' અને 'ઝાલી ન ઝાલાતી છોકરી' વાર્તાઓ પણ નાયિકા કેન્દ્રી વાર્તાઓ છે. આ વાર્તાઓમાં પોતાની કારકિર્દી પ્રત્યે સભાન થયેલી સ્ત્રી, ઘરપરિવારમાં સમન્વય સાધતી અને પારાવાર વેઠતી સ્ત્રી, અને પોતાની નીજી ઓળખ પ્રાપ્ત કરવા સભાન થયેલી સ્ત્રીના ચરિત્રો સર્જક સામાજિક સંદર્ભો સાથે પ્રગટ થયા છે.

'એ...' વાર્તામાં સ્ત્રીનું ઈમોશનલી હેરેસમેન્ટ વાર્તાનો વિષય બન્યો છે. મીતા પતિ ઉમેશના ઈમોશનલી હેરેસમેન્ટનો ભોગ બને છે. આ ઘટના રોજની છે, ને તેમાંથી મુક્ત થવાનો કોઈ રસ્તો જ નથી. એવા ગર્ભિત પરિણામને આલેખતી વાર્તા છે. હાથ ઉપાડ્યા વિના પણ આચરવામાં આવતી ઘરેલું હિંસા આ વાર્તામાં વિષય બનીને આવે છે. ઉમેશ વિના કારણે મીતાથી નારાજ થઈ જાય, અબોલા લઈ લે, જમવાની ના પાડે, રાત્રે મોડે સુધી ઘરે ન આવે. ને આખો દિવસ મીતા તેના જ વિચારોમાં પીડાયા કરે. જેનો પ્રતિકાર મીતા કરી શકતી નથી. તો આ પ્રમાણેની હેરાનગતિ વેઠ્યા પછીમાં સુમનબહેનના મુખે ઉચ્ચારાતી ઉક્તિમાં સ્ત્રી માટેની સમાજની માનસિકતા છતી થાય છે. "એવું વિચારાય ગાંડી ! જેવો છે તેવો, એનાથી સમાજમાં તારો મોભો છે, માન. કોઈ આંગળી ન ચીંધે એ પૂરતુંય..." મીતા જેવી અનેક સ્ત્રીઓ કે જે કમાતી હોવા છતાં પગભર હોવા છતાં પતિને શરણે ગયા વિના તેને કોઈ છૂટકો નથી.

'પદભ્રષ્ટ'ની ગાર્ગી સમાજના અને પરિવારની નિમ્ન માનસિકતાથી કંટાળી ઘર પરિવારથી દૂર રહી મિત્ર કુસુમ અને સંદીપની મદદથી પગભર થઈને 'ફિનિક્સ વિઝન' જેવી એડ એજન્સી ઉભી કરે છે. તેની મેધાથી સૌ અંજાય છે. પણ તે પોતે હસબંડ હન્ટિંગનો શિકાર બની છે. આથી દસ વર્ષ પહેલાં જ ઘર છોડીને નીકળી ગઈ હતી. એક પછી એક મુરતિયા દ્વારા રીજેક્ટ થયેલી ગુણવંતી વ્યવસાય જગતમાં પોતાની કુનેહથી નામ કરે છે. ગુણવંતી માંથી ગાર્ગી બનીને પોતાની આસપાસના પુરુષ સમાજને આંઝી દે છે. પણ ગાર્ગી અંતે તો છે સ્ત્રી જ ને! એની પણ પોતાની આકાંક્ષા છે. તેના પોતાના વ્યક્તિત્વનો સ્વીકાર એક વ્યક્તિ તરીકે સ્વીકાર તે ઈચ્છે છે. તે કહે છે કે- "નર પુરતો વર નહીં... હું સહભાગી છું... સુખનું સાધન નથી... આઈ એમ નોટ અ થિંગ.. પહેલાં હું સંવેદના છું, મેધા, ફીમેલ તો છેલ્લે છું..." પણ એની મેધાથી અંજાઈને પુરુષો દૂર ભાગે છે. પ્રણવ ગાર્ગીની પ્રતિભાથી આકર્ષાય છે. પણ તેની પોતાની માનસિકતા પણ ગાર્ગી ઉપર આધિપત્ય ભોગવવાની છે. ગાર્ગીના પ્રથમ સ્પર્શે જ તે કહે છે– "ગાર્ગી, અત્યારે તારી સાથે હું કેવું અનુભવું છું, ખબર છે? પ્રણવનો સ્વર રણકતો હતો, ગ્રેટ, આ ક્ષણે જેટલા

આનંદ-ઉન્માદ મારા મનમાં છે એટલા મારી પ્રોડક્ટ્સના સેલ્સથી, હરીફને હરાવી, ભલભલી માર્કેટ કેપ્ચર કરતી વખતે પણ મેં ક્યારેય નથી અનુભવ્યા!"

આપણો સમાજ સ્ત્રીની તેજસ્વીતાને સ્વીકારી શકતો નથી. તેજસ્વી સ્ત્રીને પોતાને આધીન કરીને પોતાની પ્રતિષ્ઠા વધારવાનું વિચારે છે. પ્રણવની માનસિકતા પણ એવી જ હતી. તેના મનમાં પણ ગાર્ગીની તેજસ્વીતાનો સ્વીકાર તેની સંપૂર્ણ વ્યક્તિમત્તા નો સ્વીકાર નથી.

'એન અફેઅર' વાર્તામાં પત્ની અને પ્રેમિકા એમ બે સ્ત્રીને આમને સામને મુકે છે. લગ્નેત્તર સંબંધને આલેખતી આ વાર્તા સર્જક જરા જુદા અંદાજે કહે છે. હર્ષના પ્રેમમાં પડેલી આસ્મા જાણે છે કે હર્ષ પરણિત છે. પણ પ્રેમના આવેશમાં તે હર્ષને એક પુરુષ તરીકે તેની આદતો, સ્વભાવ, તેના ગુણ-દોષ, જીદ, ગુસ્સો, ગમો-અણગમો વગેરેથી સાવ અજાણ છે. અને આમ પણ જે પ્રેમમાં હોય ત્યારે કોઈ વ્યક્તિને નજીકથી ક્યાં જાણતા હોય છે. તેના ખરા વ્યક્તિત્વનો પરિચય તો લાંબા સહવાસ પછી થાય. હર્ષની પત્નીએ સાત વર્ષના લગ્નજીવનમાં હર્ષને સંપૂર્ણ જાણી લીધો છે. હર્ષ પ્રત્યેના પ્રેમને કારણે તેણે પોતાની જાતને ખોઈ દીધી છે. "હર્ષને હું એટલું ચાહતી હતી કે એ મને જે બનાવવા ઈચ્છતો હતો એ બનવામાં ધન્યતા અનુભવાતી હતી. આજે હું, હું નથી રહી. હું એ છું જે હર્ષે મને બનાવી છે. પણ હવે હું ઉપલક, રિડન્ડંટ થઈ ગઈ છું. મારા માટે હવે અસંગત, ઈર્ -રિલેવન્ટ. ફક્ત હર્ષના સંદર્ભમાં જ હું મને જોઈ, ઓળખી, સમજી શકું છું, જાણે એના વિના, પણ એવું કેમ? હર્ષમાં મેં મારી જાતને ખોઈ નાખી છે." પણ હવે વીરાને ફરીથી પોતાને પામવી છે. અને તેને મન આસ્મા અને હર્ષનું અફેયર તેની મુક્તિની ચાવી છે. વીરા હર્ષના વ્યક્તિત્ત્વની સઘળી બાબતો તેની સમક્ષ ખુલ્લી કરી છે. આસ્માને મળી વીરા હર્ષની ટેવ આદત અને સ્વભાવનો પરિચય કરાવે છે. એક પુરુષ તરીકે તેનો પરિચય આપે છે. વીરાએ વીત્યા વર્ષોમાં હર્ષને નખશીખ જાણી ચુકી છે. ત્યારે હર્ષ પ્રત્યેના પ્રેમ આશ્લેષમાં ગાળા ડૂબ થયેલી આસ્મા માટે આ બધી બાબતો વિદારક સાબિત થઈ રહે છે. વીરાને પતિના બીજા સંબધો થી દુઃખ નથી પણ જાણે કે પોતે હવે પત્ની તરીકે મુક્ત થઈ છે. અને એક સ્ત્રી તરીકે જીવવાની ફરીથી તક મળી છે. જ્યારે હવે આસ્મા શું વિચારે છે તે પ્રશ્ન સંદિગ્ધ રહ્યો છે. વાર્તામાં ગૃહજીવનમાં સ્ત્રીની સંવેદનાને કઈ રીતે છળવામાં આવે છે, તે નજરે ચડે છે. સ્ત્રી પોતે મુક્ત થઈ શકે છે અને સહર્ષ મુક્ત થઈ શકે છે તેવો આશાવાદ પણ અહીં દેખાય છે.

'ઝાલી ન ઝાલાતી છોકરી'માં એક માતા પોતાના ભૂતકાળને દીકરી સમક્ષ ખુલ્લો મુકીને પોતે કરેલી ભૂલનું પુનરાવર્તન દીકરીમાં ન થાય તેની કાળજી રાખે છે. નિત્યા વાર્તા નાયિકા જેને પોતાની યુવાવસ્થામાં પ્રેમને ખાતર પોતાની કારકિર્દીને ત્યજી દીધી હતી. જેનું માઠું પરિણામ તેણે ભોગવ્યું છે. અને હવે એ જ રસ્તે દીકરીને જતાં જોઈને માતૃ હૃદય વ્યાકુળ થઈ ઉઠે છે. માતા પોતાની સાથે ઘટેલી ઘટના ટેપરેકોર્ડર દ્વારા રેકોર્ડીંગ કરીને દીકરીને સંભળાવે છે. જેમાં નિત્યાના જીવનની, તેની સાથે થયેલા સામાજિક અન્યાયનું વૃત્તાંત પ્રગટ થયું છે. તેજ પ્રમાણે 'ઉડાન' વાર્તામાં પણ વાર્તા નાયિકાના વગર વિચાર્યે લગ્ન કરી લેવાને કારણે, પોતાની કારકિર્દીને અને ઈચ્છાઓને અવરોધતી નાયિકા છૂટાછેડા પછી પોતાના વિષે વિચારે છે અને પસ્તાય છે.

'કેટ-વૉક'ની નાયિકા સંજના ખુબ સુંદર છે. એટલે કોલેજના મિત્રો અને શિક્ષકો સુદ્ધા તેને સૌન્દર્ય સ્પર્ધામાં ભાગ લેવા માટે સમજાવે છે. સંજના એટલી સુંદર છે કે મિલ માલિકનો દીકરો કપિલ લગ્ન માટે સામેથી હાથ માંગે છે. સૌન્દર્ય સ્પર્ધામાં ભાગ લેવા માટે પિતાને પૂછે છે તો પિતા એ ધરાર ના પાડી અને હાથ પણ ઉપાડ્યો. જે વિશ્વાસ પિતા ઉપર હતો એ ક્ષણમાં તૂટી ગયો, પિતા ઉદયની ચીડમાં ગુસ્સામાં પુરુષ તરીકેનો માલિકી ભાવ રહેલો છે. સંજનાને પૂછ્યા વિના જ કપિલને લગ્ન માટે હા કહી દેવામાં અને પત્નીના પ્રશ્નના ઉત્તરમાં સામે અથડાતો પ્રશ્ન મારે કોને પૂછવાનું?માં આ જ માલિકી ભાવ દેખાય છે. કપિલમાં સ્ત્રીને પોતાને વશ રાખવાની લાગણી પ્રબળ છેખાય છે. સંજનાને તેની માતા કહે છે કે તારા ઘરે

જઈને તારે જે કરવું હોય તે કરજે. પણ કયું ઘર પોતાનું? કપિલને સૌન્દર્ય સ્પર્ધામાં ભાગ લેવા અંગે પૂછાતા તેનો જવાબ સ્પષ્ટ છે. -" ઈચ્છા હોય તો જરૂર ભાગ લે તું. ઈન એની કેસ આઈ વિલ નોટ બી ધ લુઝર...! જીતશે તો મારી મિલના ટેક્સટાઈલની તું સુપર મૉડેલ બનશે અને ભાગ નહીં લે તો મારી પત્ની ! પસંદગી તારી..." પસંદગી આપી છે પણ તેમાં સ્પષ્ટ નકાર રહેલો છે. 'કહ્યાગરાની કંથ-કથા' નારીવાદી જ વાર્તા છે પણ પુરુષના મુખે કહેવાયેલી થોડી જુદા પ્રકારની વાર્તા છે. હરીશ નાગ્રેચા સ્ત્રીના અંતરમનને જેટલી સહજતાથી આલેખે છે તે જ રીતે પુરુષના મનોજગતને પણ આલેખી શકે છે. 'કહ્યાગરાની કંથ-કથા' પત્નીને અખૂટ ચાહતા રાજીવના મુખે વાર્તા કહેવાય છે. આપણા સમાજમાં પુરુષની કેવી છાપ ઉભી કરવામાં આવી છે. પત્નીને ઉતારી પાડતો, તેની અવગણના કરતો, તેને દાબમાં રાખવા મથતો પુરુષ સમાજમાં માંચો-મેન કહેવાય છે. જ્યારે સ્ત્રીના માન સન્માનની કાળજી રાખતો તેની મરજીનો અદર કરતો પુરુષ નમાલામાં ઠરે છે. આ વાર્તામાં પણ રાજીવની આવી પરિસ્થિતિ છે. માના કંકાસિયા સ્વભાવથી પીડાતા બાપાને જોનાર રાજીવ પત્નીના સહજ અને સરળ સ્વભાવથી તેના પ્રત્યે ઓળઘોળ થતો જાય છે. પત્ની ચારુનો પડ્યો બોલ ઉઠાવતો, તેની તૂટેલી ચપ્પલ હાથમાં પકડીને ચાલતો રાજીવ સાસરીમાં મશ્કરીને પાત્ર છે. સાસુ કહે છે કે "એ તો હકુમત કરતો, છાકો પાડે એવો જોઈએ, ધણી" સમાજમાં ઘર કરી ગયેલી પુરુષ સત્તાની સામે સર્જક સમજદાર અને સંવેદનશીલ નાયકને પ્રસ્તુત કરે છે. તેના દ્વારા સમાજની વર્ષો જૂની માનસિકતાને છતી કરે છે.

હરીશ નાગ્રેચાની વાર્તાઓમાંથી પસાર થતા કેટલીક વાર્તાઓ બાળમાનસને આલેખતી જોવા મળે છે. જેમાં 'સન્ડે... જ, સન્ડે...જ, સન્ડે', 'પરીકથા' અને 'ઘૂમરાટ'નો સમાવેશ થાય છે. બાળમાનસને આલેખતી વાર્તાઓમાં પણ સામાજિક પ્રશ્ન તરફ અંગુલીનિર્દેશ અવશ્ય જોવા મળે છે. 'સન્ડે... જ, સન્ડે...જ, સન્ડે' વાર્તામાં શહેરમાં રહેતા અને પતિ-પત્ની બંને નોકરી કરતા હોય ત્યારે બાળ ઉછેરમાં પડતી તકલીફ કે જે આજના યુગની એક મોટી સમસ્યા છે તેનું આંશિક ચિત્રણ છે. બાળકને મન માતાનો સહવાસ ખુજ મહત્ત્વનો છે. પણ નોકરી કરતી માતા એ સહવાસ આપી શકતી નથી.

'પરીકથા'માં પણ એક એવા બાળકની વ્યથા આલેખાઈ છે કે જેની પરીકથામાંથી વિશ્વાસ ઉઠી ગયો છે. અને તેનું કારણ તેની માતાનો સ્વભાવ છે. સમાજમાં પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે પોતાના ઘારને રાચરચીલાથી સજાવ્યું છે. ઘરમાં આવેલું નવું ટેબલને કોઈ ક્ષતિ ના થાય તે માટે બાપ-દીકરા બંને ને વારે વારે ચેતવણીઓ મળતી રહે છે. બધુ બરાબર રાખવાની, ટેબલને નહીં અડવાની અતિશય ચેતવણીથી દીકરો બિટ્ટુ ત્રાસી ગયો છે. તે પૂછે કે "મમ્મા, તને હું વધુ ગમું છું કે ટેબલ" તેમાં એક દિવસ બાળરોષ જાગી ઉઠે છે ને ટેબલને સ્ક્રેચ કરી દે છે જેમાં મિત્રાનો રોષ ભભૂકી ઉઠે છે. હવે સંતાન કરતાં વસ્તુઓને વધુ વ્હાલું કરતા થઈ ગયા છે.

'ઘૂમરાટ'માં છૂટાછેડા લઈ રહેલા માતા-પિતાના બાળકની વ્યથા લઈને આવે છે. આ વાર્તાનો કથક ત્રીજા ધોરણમાં ભણતો સાત વર્ષનું બાળક છે. તેને ખબર નથી કે કેમ મમ્મી અને પપ્પા સાથે નથી રહેતા. તેને બંને સાથે જોઈએ છે. પણ સમસ્યા ત્યાં છે કે તેણે બે માંથી કોઈ એક ને પસંદ કરવાનું છે. ત્યારે બાળસહજ આશામાં કે જો મમ્મી-પપ્પા બેઉ સામે ન હોય તો સપનામાં તો એક સાથે દેખાવ !! તે પ્રમાણે જજ પાસે બોર્ડીંગ સ્કૂલ જવાનું પસંદ કરે છે.

'ઉદ્‌ધ્વસ્ત', 'દ્રોહકાંડ', 'વાંસળીવાળો', 'હોનારત', 'કોઠો' રોજીંદા જીવનમાં બનતી ઘટનાઓને આધારે સાંપ્રત સમયના મનુષ્યના જીવનને આલેખતી વાર્તાઓ છે. 'દ્રોહકાંડ' વાર્તામાં કોઈ પણ રીતે ૯૬ ટકા લાવીને મેડીકલ માં પ્રવેશ મેળવવાની ઈચ્છા ધરાવતો 'કૈરવ' મહેનત એ વૈતરું છે. એમ માને છે. અને તેના પ્રામાણિક પિતા ભીષ્મએ આ જીવન વૈતરું જ કર્યું છે. પ્રામાણિકતાને ગદ્ધાવૈતરાંમાં ખપાવતી આજની નવી પેઢીમાં પ્રવેશેલા મૂલ્યહ્રાસ

આપણા બદલાતા અને ક્ષીણ થઈ રહેલા જીવનમૂલ્યોને દર્શાવે છે.

વ્યક્તિગત અને પારિવારિક રીતે પોતાને ક્ષીણ થયેલો માનતો અલખ 'ઉદ્‌ધ્વસ્ત'નો નાયક પણ આપની વર્તમાન સમાજની સામાજિક વાસ્તવિકતાને પ્રગટ કરે છે. દાદાએ અને શિક્ષકોએ જે શિક્ષણ આપ્યું, વાંચન અને અભ્યાસથી જે આદર્શો જીવનમાં ધારણ કર્યા એ આદર્શોથી આ મૂલ્યહીન જડ અને અપ્રામાણિક, સ્વાર્થી દુનિયામાં પોતાને ઉદ્‌ધ્વસ્ત થયેલો અનુભવે છે. 'હોનારત' વાર્તામાં લેખકે મુંબઈની લોકલ ટ્રેનો પર પથ્થર ફેંકવાની ઘટનાની સમાંતરે ભનુ જેવાં બાળક કે જે મુંબઈ જેવા શહેરમાં આવી પડતા વેઠવી પડતી હાલાકીને સરસ રીતે ગૂંથી છે.

**નિષ્કર્ષ :**

- હરીશ નાગ્રેચાની વાર્તાઓમાંથી પસાર થતા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે આધુનિકોત્તર યુગમાં ખેડાતી મુખ્ય વિચારધારા નારીવાદ સંદર્ભે તેમણે ઉત્તમ વાર્તાઓ આપી છે. સ્ત્રીના વ્યક્તિત્વને તેની વિભિન્ન પ્રકારની સમસ્યાઓને તેના આંતર જગતને સર્જકે આલેખવાના સુંદર પ્રયત્નો કર્યા છે.
- વાર્તામાં ગૂંથાયેલા વિચારને પોતાની સૂઝ દ્વારા વિસ્તારે છે. પોતાને જે કહેવાનું છે તે સ્પષ્ટ રૂપે કહે છે. ભાવક ઉપર છોડવાનું વલણ ઓછું રાખે છે.
- હરીશ નાગ્રેચાએ સમાજની અને ખાસ કરીને નારી સમસ્યા અને સંવેદનાને પ્રમાણમાં વધુ વાર્તા વિષય બનાવતા જોવા મળે છે.
- હરીશ નાગ્રેચાની વાર્તાઓમાં મોટેભાગે ભાષા એક સરખા પ્રવાહવાળી જોવા મળે છે. પાત્ર પ્રમાણે બદલાતા ભાષા સ્તરોનો અભાવ છે. હા 'હોનારત', 'દ્રોહકાંડ', 'પરીકથા' જેવી વાર્તાઓમાં બાળમાનસ માટે બાળકોની ભાષા હોય તેમ ભાષાનું સ્તર જાળવ્યું છે.
- હરીશ નાગ્રેચાની વાર્તાઓમાં શહેરનું સમાજજીવન અને તેના પ્રશ્નોનું આલેખન થયેલું વિશેષ જોવા મળે છે.
- નગરજીવનની પાશ્ચાદભૂમાં આકાર પામતી આપણા સમાજની વળવી વાસ્તવિકતાને સર્જક અનેકવિધ રીતે આકાર આપે છે. દરેક વાર્તામાં તેઓ કંઈ ને કંઈ કહેવા માગતા હોય એમ તેમની વાર્તાઓનું સંવેદન બોલકું હોય છે. સાથે માનવમનની આંટીઘૂંટીઓનું આલેખન સાથે વાર્તા કસબ જાળવે છે.